

મોદી સરકારમાં ગુજરાતના પાંચ કેબિનેટ મંત્રીને સ્થાન

વાંચો પેજ નં. 2

RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઈન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

Bharat Headline-Gujarati Morning Daily
(Monday to Saturday) Rajkot

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 10 June 2024, Monday | Page : 10 | Year : 1 | Issue : 200 | Price: 2/-




# PM મોદીની ત્રીજી ઈનિંગ શરૂ

## મોદી 3.0માં રાજનાથ, અમિત શાહ, ગડકરી સહિત 30 કેન્દ્રીય મંત્રી, પાંચને સ્વતંત્ર વિભાગ તો 36 રાજ્ય મંત્રી

ભારત હેડલાઈન, તા.૯

લોકસભા ચૂંટણીમાં NDAની જીત બાદ આજે નરેન્દ્ર મોદી વડાપ્રધાન પદના શપથ લીધા છે. આ ઉપરાંત તેમની સાથે કેબિનેટ મંત્રી તરીકે ૩૦ સાંસદો અને રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) તરીકે પાંચ નેતાઓએ શપથગ્રહણ કર્યા છે. તેમજ મોદી ૩.૦માં રાજ્ય મંત્રી તરીકે ૩૬ નેતાઓનો સમાવેશ કરાયો છે. જવાહરલાલ નેહરુ બાદ નરેન્દ્ર મોદી દેશના એવા બીજા નેતા છે જે સતત ત્રીજી વખત આ જવાબદારી મળી છે. દેશની નવી સરકારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત કુલ ૩૧ કેન્દ્રીય મંત્રી, પાંચ રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને ૩૬ રાજ્ય કક્ષાના મંત્રી સામેલ કરાયા છે.

**11 મંત્રી બિનભાજપી, શાહ-રાજનાથને ફરી કેબિનેટમાં સ્થાન મળ્યું, પૂર્વ CM શિવરાજ-ખટ્ટર પણ બન્યા મંત્રી**

### 24 રાજ્યમાંથી 71 મંત્રીઓ

- 30 કેબિનેટ મંત્રી, 5 રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને 36 રાજ્ય મંત્રી
- 27 OBC, 10 SC, 5 ST અને 5 લઘુમતી
- 11 મંત્રી NDA દળમાંથી
- 43 મંત્રીઓ ત્રણ કે તેથી વધુ ટર્મથી સાંસદ
- 39 પહેલા પણ કેન્દ્રીય મંત્રી રહી ચૂક્યા છે
- 23 મંત્રી રાજ્યોની કેબિનેટમાં રહી ચૂક્યા છે

## વડાપ્રધાનપદે મોદીએ શપથ લીધા પછી આ નેતાઓએ લીધા મંત્રીપદ માટે શપથ

- રાજનાથ સિંહ
- અમિત શાહ
- નીતિન ગડકરી
- જે.પી. નડ્ડા
- શિવરાજસિંહ ચૌહાણ
- નિર્મલા સીતારમણ
- એસ.જયશંકર
- મનોહરલાલ ખટ્ટર
- એચ.ડી.કુમારસ્વામી
- પિયૂષ ગોયલ
- ધર્મેન્દ્ર પ્રધાન
- જિતનરામ માંઝી
- લલન સિંહ
- સર્વાનંદ સોનોવાલ
- ડો.વિરેન્દ્ર કુમાર
- રામમોહન નાયડૂ
- પ્રહલાદ જોશી
- જુએલ ઓરાંવ
- ગિરિરાજ સિંઘ
- અશ્વિની વૈષ્ણવ
- જ્યોતિરાદિત્ય સિંધિયા
- ભૂપેન્દ્ર યાદવ
- ગજેન્દ્ર સિંહ શેખાવત
- શ્રીમતી અન્નપૂર્ણા દેવી
- કિરેન રિજિજૂ
- હરદીપ સિંહ પુરી
- ડો.મનસુખ માંડવિયા
- ગંગાપુરમ કિશન રેડ્ડી
- ચિરાગ પાસવાન
- સી.આર.પાટીલ
- ઈન્દ્રજીતસિંહ રાવ
- ડો.જીતેન્દ્ર સિંઘ
- અર્જુન રામ મેઘવાલ
- પ્રતાપરાવ ગણપતરાવ
- જયંત ચૌધરી
- જીતીન પ્રસાદ
- શ્રીપદ યશો નાઈક
- પંકજ ચૌધરી
- કૃષ્ણ પાલ
- રામદાસ અઠાવલે
- રામનાથ ઠાકુર
- નિત્યાનંદ રાય
- શ્રીમતી અનુપ્રિયા પટેલ
- વી. સોમન્ના
- ડો.ચંદ્રશેખર પેમ્માસાની
- પ્રો.એસ.પી.સિંહ બઘેલ
- સુશ્રી શોભા કરાંદલાજે
- કીર્તિવર્ધન સિંઘ
- બનવારી લાલ વર્મા
- શાંતનુ ઠાકુર
- સુરેશ ગોપી
- ડો. એલ.મુરગ્ગન
- અજય ટમટા
- બંડી સંજય કુમાર
- કમલેશ પાસવાન
- ભગીરથ ચૌધરી
- સતીષચંદ્ર દુબે
- સંજય સેઠ
- રવનીત સિંહ
- દુર્ગાદાસ ઉડકે
- રક્ષા નિખિલ ખડસે
- સુકાંતા મજૂમદાર
- શ્રીમતી સાવિત્રી ઠાકુર
- તોખન સાહૂ
- રાજભૂષણ ચૌધરી
- ભૂપતિરાજુ વર્મા
- હર્ષ મલ્હોત્રા
- નિમુબેન બાંભણીયા
- મુરલીધર મોહોલ
- જોર્જ કુરીયન
- પબિત્રા માર્ગેરિટા

# PMના શપથ સમારોહમાં CJI ચંદ્રચૂડ, અંબાણી, શાહરુખ ખાન, સાઉથના સુપરસ્ટાર રજનીકાંત સહિતના હાજર રહ્યા









ભારત હેડલાઈન, તા.૯

લોકસભા ચૂંટણીનાં પરિણામો બાદ હવે ૧૮મી લોકસભાની રચનાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. મોદી સરકાર ૩.૦નો શપથગ્રહણ સમારોહ યોજાઈ રહ્યો છે. નરેન્દ્ર મોદી આજે ત્રીજી વખત ભારતના વડાપ્રધાન બન્યા છે. આજે જ તેમની કેબિનેટમાં સામેલ થનારા મંત્રીઓ પણ હોદ્દા અને ગોપનીયતાના શપથ લઈ રહ્યા છે, જેમાં બોલિવૂડ સેલેબ્સ શાહરુખ ખાન, અક્ષય કુમાર, વિક્રાંત મેસ્સી, રાજકુમાર હીરાણી, સુપરસ્ટાર રજનીકાંત. ગૌતમ અદાણી, મુકેશ અંબાણી હાજર રહ્યા.

## અમિત શાહ, નડ્ડા, માંડવિયા, પાટીલ અને એસ. જયશંકરે કેબિનેટ અને નિમુબેને રાજ્યકક્ષાના મંત્રી તરીકે શપથ લીધા

# મોદી સરકારમાં ગુજરાતના પાંચ કેબિનેટ મંત્રીને સ્થાન



ભારત હેડલાઈન, તા.૯

મોદી ૩.૦ની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આજે નરેન્દ્ર મોદી વડાપ્રધાન પદના શપથ લઈ લીધા છે. એની સાથે સાથે ગુજરાત ક્વોટામાંથી પણ પાંચ સાંસદને મંત્રી બનાવવામાં આવ્યા છે, જેમાં અમિત શાહ, જેપી નડ્ડા, સી.આર. પાટીલ, મનસુખ માંડવિયા, નિમુબેન બાંભણિયા અને એસ. જયશંકરનો સમાવેશ થાય છે. અમિત શાહ, સી.આર.પાટીલ, મનસુખ માંડવિયા, જેપી નડ્ડા અને એસ.જયશંકરે કેબિનેટ મંત્રીપદના શપથ લીધા છે. જ્યારે નિમુબેન બાંભણિયાએ રાજ્યકક્ષાના મંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા છે.

જોકે ગુજરાતમાંથી રૂપાલા અને દેવુસિંહ ચૌહાણનાં પત્તાં કપાયાં છે. વિદેશમંત્રી એસ.જયશંકર અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ ગુજરાતમાંથી રાજ્યસભાના સાંસદ છે, એટલે તેમને ગુજરાતના ક્વોટામાં ગણવામાં આવ્યા છે. જ્યારે અન્ય ચાર સાંસદ તાજેતરમાં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં વિજેતા બન્યા છે. આમ, બે રાજ્યસભાના અને ૪ લોકસભાના સભ્ય મંત્રી બન્યા છે.

નરેન્દ્ર મોદી આજે સાંજે ૭:૧૫ સાંજે વાગ્યે રાષ્ટ્રપતિ ભવનમાં ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લેશે. વહેલી સવારે તેમણે મહાત્મા ગાંધી અને પૂર્વ પીએમ અટલ બિહારી વાજપેયીની સમાધિ પર શ્રદ્ધાંજલિ આપી હતી. આ પછી તેમણે રાષ્ટ્રીય વોર મોમેરિયલ પર શહીદોને શ્રદ્ધાંજલિ આપી. શપથ લેવાની સાથે જ મોદી સતત ત્રણ વખત વડાપ્રધાન બનવાના ભૂતપૂર્વ પીએમ પંડિત જવાહરલાલ નેહરુનાં ૬૨ વર્ષ જૂના રેકોર્ડની બરાબરી કરશે. નેહરુ ૧૯૫૨, ૧૯૫૭ અને ૧૯૬૨માં સતત ત્રણ વખત જીતીને પીએમ બન્યા હતા. જોકે નેહરુની સરકાર પાસે સંપૂર્ણ બહુમતી હતી. મોદીની ત્રીજી ઈનિંગ ગઠબંધનના આધારે ચાલશે.

## દિલ્હીમાં વડાપ્રધાન મોદીના શપથગ્રહણ દરમિયાન આતંકી હુમલો થયો

# શ્રીનગરમાં શ્રદ્ધાળુઓની બસ પર આતંકવાદી હુમલોઃ ૧૦ લોકોનાં મોત

ભારત હેડલાઈન, તા.૯

જમ્મુ-કાશ્મીરના રિયાસીમાં આતંકવાદીઓએ શ્રદ્ધાળુઓને લઈ જતી બસ પર હુમલો કર્યો છે. આમાં ૧૦ લોકોનાં મોતના સમાચાર છે, જ્યારે ઘણા લોકો ઘાયલ થયા છે. આ આતંકવાદી હુમલો નવી દિલ્હીમાં પીએમ મોદી અને નવા મંત્રીમંડળના શપથગ્રહણ સમારોહ દરમિયાન થયો હતો. આ હુમલો રિયાસી જિલ્લાના કંદા વિસ્તારમાં થયો હતો. આતંકવાદીઓએ બસ પર ગોળીબાર કર્યો, જેમાં ડ્રાઈવર ઘાયલ થયો અને તેણે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો, જેના કારણે બસ ખાઈમાં પડી હતી. ૧૦ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં, જ્યારે કેટલાક લોકો ગોળીઓથી ઘાયલ થયા છે. બસમાં સવાર અન્ય મુસાફરોને બચાવવાની કામગીરી ચાલી રહી છે. બસ શ્રદ્ધાળુઓને લઈને કટરાથી શિવ ઘોડી મંદિર જઈ રહી હતી. શિવ ઘોડી મંદિર માતા વૈષ્ણો દેવીનો બેઝ કેમ્પ છે.





# ગુજરાતના ૧૫ મોટા વોટર પાર્કમાં GSTના દરોડા
# રૂપિયા ૬૪ કરોડના શંકાસ્પદ વ્યવહાર પકડાયા

ભારત હેડલાઇન, તા.૯

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એટલે કે, GST કચેરીએ ગુજરાતના ૧૫ જેટલા મોટા વોટર પાર્કના સંચાલકો પર દરોડા પાડીને ૬૪ કરોડ રૂપિયાના શંકાસ્પદ વહેવારો પકડી પાડ્યા છે. જેમાં અમદાવાદ, નવસારી, ગાંધીનગર, હિમ્મતનગર, ખેડા, બનાસકાંઠા અને રાજકોટના મળીને ૧૫ વોટરપાર્કના ૨૭થી વધુ ધંધાના સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા.

ગત ૬ જૂને પાડવામાં આવેલા આ દરોડામાં વોટર પાર્કના સંચાલકો દ્વારા સ્વિમિંગ કોસ્ચ્યુમ, લોકર, મોબાઈલ કરવા અને ટ્યુબ્સના ભાડાંની આવક હિસાબી ચોપડાંમાં દર્શાવવામાં આવતી નહોતી. આ આવક રોકડેથી લેવામાં આવી હતી. તેમ જ વોટર પાર્કમાં આવેલી રેસ્ટોરાંમાં કાચી ચિઠ્ઠી પર બિલ બનાવીને નાણાં લેવામાં આવતા હતા. રોકડમાં થતાં આ વેચાણના બહુધા બિલ આપવામાં આવતા જ નહોતા.

## આ વોટર પાર્કમાં GSTના દરોડા પડ્યા

- ફ્લેમિંગો વોટર પાર્ક્સ -અમદાવાદ
- ૭ એસ વોટર પાર્ક -અમદાવાદ
- જલધારા વોટરવર્લ્ડ-અમદાવાદ
- સ્વપ્ન સૃષ્ટિ વોટર પાર્ક-ગાંધીનગર
- વોટર વિલે વોટર પાર્ક-હિમ્મતનગર
- સુસ્વા વોટર પાર્ક-હિમ્મતનગર
- બ્લિસ એક્વા વોટર રિઝોર્ટ્સ-મહેસાણા
- ગણેશ ફનવર્લ્ડ-મહેસાણા
- મોદી વોટર પાર્ક-નવસારી
- વોટરવેલી રીસોર્ટ પ્રાઈવેટ લી.-રાજકોટ
- એક્વોટિક વોટરપાર્ક-રાજકોટ
- ધી હેવન વોટર રીસોર્ટ -રાજકોટ
- સમર વેવ્સ વોટર પાર્ક-રાજકોટ
- શિવધારા રીઝોર્ટ્સ-બનાસકાંઠા
- વોટરસિટી વોટર પાર્ક -ખેડા

# પાલનપુરના ૧૭ વિસ્તારોમાં કોલેરાના નવા ૧૯ કેસ

### પીવાનું પાણી દૂષિત આવતાં અત્યાર સુધી ૨૧૯ લોકો અસરગ્રસ્ત

ભારત હેડલાઇન, તા.૯

પાલનપુર શહેરના કોટ અંદરના વિસ્તારના પીવાના પાણીની પાઈપ લાઈનોમાં દસથી વધુ લીકેજ હોવાનાં કારણે વોર્ડ નબર-૫ અને ૬માં ગટરનું ગંદુ પાણી પીવાના પાણીની પાઈપ લાઈનો મિશ્ર થતા આ વિસ્તારમાં લોકો ઝાડા, ઉલટી, તાવ, કોલેરા રોગમાં સપડાયાં છે. જેમાં કોટ વિસ્તારના વધુ ૧૯ લોકો ઝાડા ઉલટીમાં સપડાતા કુલ દર્દીઓની સંખ્યાનો આંક ૨૧૯ ઉપર પહોંચ્યો છે. નવા સામે આવેલ ૧૯ દર્દીઓ સારવાર હેઠળ છે.જેને લઈ આરોગ્ય વિભાગની ટીમો દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં બીજા રાઉન્ડમાં સર્વે અને લોકોનું મેડિકલ ચેકઅપ હાથ ધરવામાં આવ્યું છે. પાલનપુર શહેરમાં કોટ અંદર વિસ્તારમાં આવેલા વોર્ડ નંબર-૬ માં ખાસદાર ફળી, ભક્તોની લીંમડી, નાની બજાર, રબારીવાસ, જમાદારવાસ, ગોબાંદવાસ, સલાટવાસ, સુથી ઠેરઠેર ગંદકીના ઢગલા ખડકાયા હોય હાલની કાળજાળ ગરમીમાં ૨૨ જેટલા લોકો તાવ, શરદી, ઝાડા ઊલ્ટી જેવી બીમારીઓના સપડાયા છે. જેમાં કોલેરાના કારણે એક વ્યક્તિનું મોત પીણીના સ્ટોલ બંધ કરાવવામાં આવ્યા હતા. જે વચ્ચે આ વિસ્તારમાં ઝાડા ઉલ્ટીના વધુ ૧૯ કેસ સામે આવતા કૂલ કેસોનો આંક ૨૧૯ ઉપર પહોંચવા પામ્યો છે. જેને લઈ આરોગ્ય વિભાગ દ્વારા બીજા રાઉન્ડમાં સર્વે અને અસરગ્રસ્ત લોકોની સારવાર હાથ ધરવામાં આવી છે.

# અદાણી CNG પંપ એક દિવસ બંધ, ઈમરજન્સી વાહનોને ગેસ ભરી અપાશે

## યોગ્ય કમિશન ન મળતા ડિલર્સ એસો.નો ૧૩ જૂને પંપ બંધ રાખવા નિર્ણય




ભારત હેડલાઇન, તા.૯

ગુજરાતમાં સીએનજી પંપ માટે વિવિધ કંપની પાસેથી ડિલર્સ ગેસ ખરીદી વેચાણ કરે છે. જેમાં અદાણી કંપનીના સીએનજી ગેસનું વેચાણ કરતા ડિલર્સ ડોડો એસોસિએશન દ્વારા આગામી ૧૩ જૂનના રોજ સીએનજી ગેસનું વેચાણ બંધ રાખવા નિર્ણય કર્યો છે. આ મામલે એસોસિએશનના પ્રમુખે જણાવ્યું કે, અદાણી કંપની અન્ય કંપનીની સરખામણીએ ઓછું કમિશન આપે છે. અનેક વખત માંગણીઓ કરી હોવા છતાં ડિલર્સની માંગણી સંતોષાઈ નથી, તેથી સીએનજી પંપ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

CNG ડોડો એસોસિએશન દ્વારા અનેક વખત ગુજરાત ગેસના સમકક્ષનો ભાવ અને ગુજરાત ગેસ જેટલું કમિશન આપવા માટે રજૂઆત કરવામાં આવી છે. તેમ છતાં કંપનીના અધિકારીઓ દ્વારા તેની અવગણના કરવામાં આવી હોવાનું એસોસિએશનને લાગી રહ્યું હોવાથી હવે આગામી દિવસમાં ૨૪ કલાક માટે સીએનજી પંપ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી ૧૩ જૂનના સવારે ૭:૦૦ વાગ્યાથી બીજા દિવસે ૧૪ જૂનના સવારના ૭:૦૦ વાગ્યા સુધી ગુજરાત રાજ્યના તમામ સીએનજી પંપ સામાન્ય નાગરિકો માટે બંધ રહેશે.

અસોસિએશનના પ્રમુખ નરેન્દ્ર દેસાઈએ જણાવ્યું હતું કે, અગાઉ અમારા એસોસિએશન દ્વારા વિવિધ રીતે વિરોધ પ્રદર્શિત કરીને અમારી રજૂઆત કરવામાં આવી છે. જેમ કે, અદાણી શાંતિગ્રામની બહાર હડતાલ પર ઉતર્યા હતા. આ ઉપરાંત કાળા વાવટા પણ ફરકાવ્યા હતા, તેમ છતાં હજુ સુધી કંપની દ્વારા અમારી માંગણી સંતોષવામાં આવી નથી. તેથી હવે ૨૪ કલાક માટે સીએનજી પંપ બંધ રાખવાનો નિર્ણય લેવાની ફરજ પડી છે.

આ સમયગાળા દરમિયાન જો કોઈ પણ પંપ ઉપર એમ્બ્યુલન્સ અથવા ફાયર વિભાગની કોઈપણ ગાડી આવશે તો તેમને સીએનજી ભરી આપવામાં આવશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા ૩ વર્ષથી ગુજરાત ગેસની સરખામણીએ અદાણી ગેસના ૨.૭૧ રૂપિયા વધુ છે. આ ઉપરાંત ગુજરાત ગેસમાં ડિલર્સ માટે ટ્રેડ માર્જિન ૪.૧૩ રૂપિયા છે, જ્યારે અદાણી ગેસમાં ૩.૭૪ રૂપિયા મળે છે. આ કારણોસર કસ્ટમરને પણ અદાણી સીએનજી અન્ય ગેસ કંપનીઓની સરખામણીએ વધુ ખર્ચાળ લાગી રહ્યો છે, તેથી કસ્ટમર પણ ફરિયાદ કરતા હોય છે. આ ઉપરાંત અનેક વખત જ્યારે ડિલર્સ એસોસિએશન દ્વારા અદાણીને રજૂઆત કરવામાં આવી તો તેમના દ્વારા જણાવવામાં આવતું હતું કે, હાલમાં ચૂંટણીના માહોલને કારણે ગુજરાત ગેસનો ભાવ ઓછો છે, જેમ ચૂંટણી થશે કે તરત જ ગુજરાત ગેસનો ભાવ પણ વધશે.

# ૧૦થી ૧૫ જૂન ગુજરાતમાં દેખાશે વરસાદી માહોલ

ભારત હેડલાઇન, તા.૯
ગુજરાતમાં પ્રી મોનસૂન એક્ટિવિટી શરૂ થઇ છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે ગઇકાલે ૧૪ જેટલા તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદ વરસ્યો હતો અને આજે પણ રાજ્યના દાહોદ અને છોટા ઉદેપુર સહિતના જિલ્લામાં વરસાદ થઇ શકે છે. આગામી ૧૦થી ૧૫ જૂન દરમિયાન અમરેલી, ગીર સોમનાથ, સુરત, વડોદરા, નવસારી અને વલસાડ સહિતના જિલ્લામાં વરસાદ થવાની શક્યતા છે.



## કયા જિલ્લા પડશે વરસાદ

**૧૦ જૂન**ના રોજ દાહોદ, પંચમહાલ, ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથમાં હળવો વરસાદ થઇ શકે, જ્યારે વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે.

**૧૧ જૂન**ના રોજ પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં હળવો વરસાદ થઇ શકે છે.

**૧૨ અને ૧૩ જૂન**ના રોજ સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં વરસાદ થઇ શકે છે.

**૧૪ અને ૧૫ જૂન**ના રોજ અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ, નવસારી, તાપી, ડાંગ અને વલસાડમાં વરસાદ થઇ શકે છે.

### લેન્ડગ્રેબિંગની વધુ એક ફરિયાદ

# ૩૫ વર્ષથી ભાડે રાખેલી દુકાન ખાલી કરવા ૨૦ લાખ માગ્યા!

■ મહિલા સહિત બે સામે ગુનો નોંધાતા એકની ધરપકડ

ભારત હેડલાઇન, તા.૯
રાજકોટમાં જમીન, મકાન અને દુકાનો પર કબજો કરી લેવાની ઘટનાઓ સતત વધી રહી છે. ત્યારે પ્રદ્યુમનનગર પોલીસ મથક વિસ્તારમાં આવી વધુ એક ઘટના સામે આવી છે. જેમાં ૩૫ વર્ષથી ભાડે રાખેલી દુકાન ખાલી કરવા ૨૦ લાખની માંગ કરવામાં આવી હતી. સમગ્ર મામલે દુકાનમાલિકે મહિલા સહિત બે સામે લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે હાલ પોલીસે મહિલાને ઝડપી બીજા આરોપીની શોધખોળ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ, સદર બજારમાં રહેતા ૮૫ વર્ષીય સાલેહભાઈ ઉર્ફે સાલેભાઈ મહમદઅલી ચુનાવાલાએ શ્રેયસ સોસાયટીમાં રહેતા ધાર્મિષ્ઠાબેન નવીનકુમાર ઉમરાણીયા અને જસાણી પાર્કમાં રહેતા તેમના જેઠ મુકેશકુમાર કંચનલાલ ઉમરાણીયા સામે લેન્ડગ્રેબિંગ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતું કે, તેઓ પોતાના બે બાળકો અને તેમના પરિવાર સાથે રહી નિવૃત્ત જીવન જીવે છે. તેઓના મકાનમાં બે દુકાન છે, જે પૈકી એક દુકાનમાં સોની નવીનકુમાર સોનીકામ કરતા હતા. જે દુકાન છેલ્લા ૩૫ વર્ષથી બંધ છે. છેલ્લે ૨૦૦૩માં અમને ભાડું ચુકવ્યું હતું, બાદમાં ભાડું ચૂકવવાનું બંધ કરી દીધું હતું.

ત્યારબાદ તેમણે દુકાન પેટા ભાડે આપવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોતે આ દુકાન કોઈને ભાડે નહિ આપવા નોટિસ આપી હતી. ચાર વર્ષ પૂર્વે નવીનભાઈનું અવસાન થયું તે પૂર્વે દુકાન સોંપી દેવા




વાત કરી હતી. પરંતુ થોડા સમયમાં સોંપી દેશે તેવું કહ્યું હતું. તેમનું અવસાન થતા તેના પત્ની અને ભાઈએ દુકાનમાં તાળા મારી દીધા હતા. જેથી આ અંગે તેમના પત્નીને વાત કરતા તમારે દુકાન જોઈતી હોય તો પૈસા આપવા પડશે તેમ કહ્યું હતું. આ સાથે જ આ અંગે તેમના જેઠ સાથે વાત કરવા જણાવ્યું હતું. બાદમાં મૃતકના ભાઈ મુકેશભાઈ રૈયાનાકા ખાતે મારી દુકાને આવ્યા હતા અને તમારે દુકાનનો કબજો જોઈતો હોય તો અમે ૪ વારસદારો છીએ ચારેયને રૂ. ૫-૫ લાખ રૂપિયા આપી દ્યો તેવું કહ્યું હતું. જેથી નવીનભાઈએ એમનમ દુકાન સોંપી દેશું તેવું કહેતા તેણે બોલાચાલી કરી હતી. પછી પણ બે ત્રણ વખત દુકાને આવીને રૂપિયાની માંગણી કરી અને લેન્ડગ્રેબિંગની અરજી કરી છે, તે પાછી ખેંચી લ્યો નહિતર સારું નહિ રહે તેવી ધમકી પણ આપી હતી. ફરિયાદનાં આધારે એસીપી રાધિકા ભારાઈએ ગુનો નોંધી મહિલા આરોપીની ધરપકડ કરી મુકેશની શોધખોળ હાથ ધરી છે.

# SUના કાયમી કુલપતિ ડો. પરીખ બને તેવી શક્યતા

### ૮૫૨ દિવસથી ઇન્ચાર્જના ભરોસે કથળતો વહીવટ

ભારત હેડલાઇન, તા.૯
લોકસભા ચૂંટણીની આચારસંહિતા પૂર્ણ થઈ જતા હવે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને ટૂંક સમયમાં નવા કાયમી કુલપતિ મળશે, તેવી ચર્ચા તેજ બની છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હંમેશા ભાજપના આંતરિક રાજકારણને પગલે ચર્ચાના કેન્દ્રસ્થાને રહી છે. દરમિયાન આ યુનિવર્સિટીમાં છેલ્લા ૨ વર્ષથી વધુ સમયથી એટલે કે, ૮૫૨ દિવસથી ઇન્ચાર્જ કુલપતિ ફરજ બજાવી રહ્યા છે. યુનિવર્સિટીના વહીવટનું ગાડું છેલ્લા ૨ વર્ષથી ઇન્ચાર્જ કુલપતિના ભરોસે ગબડાવવામાં આવતા વહીવટ કથળી ગયો છે. વહીવટી અધિકારીઓ અને અધ્યાપકો એક પછી એક નિવૃત્ત થઈ રહ્યા હોવા છતાં કાયમી ભરતી કરવામાં આવતી નથી અને તેના લીધે વિદ્યાર્થીઓનું ભણતર પણ જોખમમાં મુકાઈ ગયું છે. આ વચ્ચે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે સારા સમાચાર એ હોઈ શકે કે, ટૂંક સમયમાં અહીં રાજ્ય સરકાર દ્વારા કાયમી કુલપતિની નિમણૂક કરી દેવામાં આવશે અને તેમાં સૌથી મોખરે કોઈનું



નામ ચર્ચાતું હોય તો તે છે ડો. સચિન પરીખ.

ગત તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૨૨ના સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ઇન્ચાર્જ કુલપતિ તરીકે વિજ્ઞાન વિદ્યાશાખાના ડીન ડો. ગિરીશ ભીમાણીને ચાર્જ સોંપવામાં આવ્યો હતો. બાદમાં સેનેટ ચૂંટણી ન યોજતા ભાજપના જ તત્કાલીન સિન્ડિકેટ સભ્યો હાઈકોર્ટમાં ગયા હતા અને કુલપતિ સામે મોરચો માંડ્યો હતો. જે બાદ આંતરિક રાજકારણ ગરમાયું હતું. બાદમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એક સાથે બબ્બે પેપર લીકની ઘટના બની હતી. જે પ્રકરણમાં ભાજપના જ સિન્ડિકેટ સભ્ય ડો. નેહલ શુક્લાની એચ. એન. શુક્લા કોલેજના કર્મચારી સામે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# પાંચ નોટિસ થતા મિલેનિયમ માર્કેટ ૨માં કામગીરી ન થતાં NOC રીન્યુઅલ રદ્દ

ભારત હેડલાઇન, તા.૯

રાજકોટ ગેમ ઝોન દુર્ઘટના બાદ સુરત પાલિકાએ સીલીંગની કામગીરી આક્રમક કરી હતી. દરમિયાન ભારે ઉહાપહ થતા પાલિકાએ એનઓસી રીન્યુમાં આપ્યું હોય તેવી મિલકતોના સીલ ખોલવાનું શરૂ કર્યું છે. તો બીજી તરફ પાંચ પાંચ નોટિસ થતા એક ટેક્સ્ટાઇલ માર્કેટ દ્વારા પાલિકાના ફાયર વિભાગ દ્વારા સૂચવવામાં આવેલા વેન્ટિલેશન અને ઈલેક્ટ્રીકના લગતા પ્રશ્નોનું નિરાકરણ ના કરતા પાલિકાએ એનઓસી રિન્યુઅલ રદ કરી છે.

સુરત મહાનગરપાલિકાના રિંગ રોડ વિસ્તારમાં ટુ માર્કેટ આવી છે. આ માર્કેટમાં છેલ્લા દોઢ વર્ષમાં ત્રણ વાર આગ લાગી છે. હાલમાં સાત જૂનના રોજ પણ આગ લાગી હતી. સુરત પાલિકાએ આ માર્કેટની ૬૨૩ દુકાનો સીલ કરીને પાંચ નોટિસ આપી છે. આ નોટિસમાં માર્કેટની અંદર વેન્ટિલેશન




અને ઈલેક્ટ્રીક ના લગતા પ્રશ્નોનું નિરાકરણ કરવા સૂચના આપી છે. તેમ છતાં માર્કેટ સંચાલકો દ્વારા આ પ્રશ્નોનો નિરાકરણ કરવામાં આવ્યું ન હતો. જેના કારણે એનઓસી રીન્યુઅલ રદ કરવામાં આવી છે.

# કપાસ અને સીંગના બિચારણના ભાવમાં 30 ટકાનો વધારો થતા ખરીદીમાં ઘટાડો

## ખેડૂતોની પાક ધિરાણ માટે બેન્કની શાખાઓમાં દોડધામ

ભારત હેડલાઇન, તા.૯

ગોહિલવાડમાં વરસાદ ભલે આગોતરો થાય પરંતુ આ વખતે કુવામાં પાણી ન હોવાથી આગોતરું વાવેતર ૯૦ ટકા કરી શકાતુ ન હોય જગતના તાત ખેડૂતો ભારે મુશ્કેલીમાં છે. એક તરફ મોટા ભાગના ખેડૂતો પાક ધિરાણ માટે લોન લેવા બેન્કમાં દોડધામ કરતા જોવા મળી રહ્યા છે ત્યારે બીજી બાજુ કપાસ અને સિંગના બિયારણમાં ૩૦ ટકાનો વધારો થતા ખેડૂતોમાં તંત્ર સામે વ્યાપક કચવાટ વ્યાપેલ છે.

રાજુલા અને જાફરાબાદ પંથકમાં ચોમાસાનો વરસાદ ભલે ગમે ત્યારે આવે પરંતુ જેમ આ બંને તાલુકામાં



વર્ષોથી ખેડૂતો આગોતરું વાવેતર કરતાં હતા. તે મુજબ આ વર્ષે હજી સુધી ક્યાંય વાવેતર કરતા જોવા મળ્યું નથી. આ બંને પંથકમાં સંઘ, મંડળી કે દુકાને બિયારણ કે ખાતરની ખરીદી માટે આ વર્ષે તો ખેડૂતોની પણ લાઈન હજુ સુધી જોવા મળતી નથી. આ વર્ષે પાક ધિરાણ ઉપર વીમા માટેની યોજના અમલમાં મૂકે તેવી પ્રબળ લોકમાંગ ઉઠવા પામેલ છે. એક બાજુ સરકાર અને હવામાન વિભાગ દ્વારા વરસાદ વહેલો પડવાની આગાહીઓ થઈ રહી છે તેમ છતાં જગતનો તાત હજી સુધી બિયારણ કે,ખાતરની ખરીદી સંપૂર્ણપણે ગોકળ ગતીએ કરતો જોવા મળ્યો છે.કોઈપણ જગ્યાએ ખાતર કે બિયારણની દુકાન, સંઘ કે મંડળીએ ભીડ જોવા મળતી નથી તેમજ નવી એગ્રોની દુકાનો પણ ખુલ્લી નથી. આ વર્ષે ખેડૂતોએ ખેતરોમાં દેશી ખાતર મતલબ કે માટી ખૂબ જ નાખી હોવાનું જાણવા મળે છે. કારણ કે, તળાવ ઉંડા કરવાની યોજનામાંથી માટી ઉપાડી ખેડૂતો ખેતરોમાં નાખી રહ્યા છે. આ વર્ષે આ બંને પંથકના કુવાઓમાં પાણી જ નથી જેથી ખેડૂતો આગોતરું વાવેતર એક પણ ગામડે કરતા જોવા મળતા નથી માત્ર ખેડૂતો ખેતરોમાં માટી નાખતા જોવા મળે છે જેના કારણે ખાતરની ડિમાન્ડ પણ હાલ તો ઓછી જોવા મળે છે.

# વધુ વજનની બીમારીથી કંટાળી જઈ આપઘાત

ભારત હેડલાઇન, તા.૯

જામનગરમાં રામેશ્વર નગર વિસ્તારમાં રહેતા અને કન્સ્ટ્રકશનનો વ્યવસાય કરતા એક કોન્ટ્રાક્ટર યુવાને પોતાના વધુ વજનની બીમારીથી કંટાળી જઈ ઝેરી દવા પી લઇ આત્મહત્યા કરી લીધી છે. શરીર ઘટાડવા માટે ઓપરેશન કરાવ્યા છતાં ફેર નહીં પડતાં આ પગલું ભરી લીધાનું પોલીસમાં જાહેર થયું છે.

જામનગરમાં રામેશ્વર નગર નજીક રાજ રાજેશ્વરી સોસાયટી શેરી નંબર ૯માં રહેતા અને કન્સ્ટ્રકશનનો વ્યવસાય કરતા મનહરસિંહ પરબતસિંહ જાડેજા નામના ૩૩ વર્ષના કોન્ટ્રાક્ટર યુવાને ઝેરી દવા પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના કુટુંબી ક્રિપાલસિંહ વિજયસિંહ જાડેજાએ પોલીસને જાણ કરતાં સીટી બી. ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ શોયબભાઈ મકવા એ મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ પૂછપરછ દરમિયાન મૃતકનું વજન ૧૪૦ કિલો થી વધુ હતું, જે વજન ઘટાડવા માટે તેઓએ બે વખત ઓપરેશન કરાવેલા હતા. તેમ છતાં વજન ઓછું થયું ન હતું, ઉપરાંત અમુક ખોરાક પણ ઘટાડવાનું જણાવ્યું હતું. જે તકલીફ ના કારણે આ પગલું ભરી લીધાનું પોલીસમાં જાહેર થયું છે.

# ચારધામ યાત્રાનાં નામે છેતરપિંડી

## યાત્રાળુ પાસેથી રૂ. ૬.૬૬ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી ઠગાઈ કરનારને સાયબર ક્રાઈમ UPથી ઝડપ્યો

ભારત હેડલાઇન, તા.૯

રાજકોટમાં ઓનલાઈન છેતરપિંડીનાં બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. ક્રેડિટ કાર્ડ અને લોન સહિત હાલમાં યાત્રાનાં નામે છેતરપિંડીનાં બનાવો પણ સામે આવી રહ્યા છે. તાજેતરમાં જ આવો એક બનાવ સામે આવ્યો હતો. જેમાં ઉત્તરાખંડ રાજ્ય ખાતે ચારધામ યાત્રાના પેકેજના નામે ઓનલાઈન રૂ. ૬,૬૬,૯૯૯ પડાવી લઈ ફ્રોડ થયાની ફરિયાદ નોંધાઈ હતી. આ ફરિયાદના આધારે સાયબર ક્રાઈમ પોલીસે આરોપી પ્રવીણકુમાર રામકુમાર શર્માને ઉત્તરપ્રદેશનાં મુઝફ્ફરનગર ખાતેથી ઝડપી પાડ્યો હતો.



પ્રાપ્ત વિગત અનુસાર, આરોપી પ્રવીણકુમારે અતિથી ટ્રીપ હોલીડેઝ નામની ટુર્સ કંપનીનાં નામે ઓનલાઈન ખોટી જાહેરાત મૂકી હતી. ફરિયાદીને ચારધામ યાત્રા આપવાનું જણાવી વિશ્વાસમાં લઈ કુલ રૂ. ૬,૬૬,૯૯૯ પડાવી લઈ ફરિયાદીને કોઈ ટુર્સ પેકેજ આપ્યું નહોતું. સમગ્ર મામલે પોતાની સાથે ઓનલાઈન છેતરપિંડી થઇ હોવાનું સામે આવતા ભોગ બનનારે સાયબર ક્રાઈમ પોલીસમાં આ અંગેની ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે સાયબર ક્રાઈમ પોલીસે બેંક એકાઉન્ટનાં આધારે તપાસ હાથ ધરી હતી. સાયબર ક્રાઈમ પોલીસે આરોપીનાં બેંક ખાતાની વિગત તથા મોબાઈલ નંબરનાં એસ.ડી.આરની વિગત મંગાવતા ખાતાધારક નું નામ પ્રવિણકુમાર રામકુમાર શર્મા હોવાનું સામે આવ્યું હતું. તેમજ સરનામું હરીદ્વાર ઉતરાખંડનું હતું. જોકે, પ્રવીણકુમાર શર્માએ પોતાનો મોબાઈલ બંધ કરી દીધો હતો. જેને પગલે ટેકનિકલ એનાલીસીસ કરી આરોપીનો હાલનો નવો ચાલુ નંબર મેળવી નવું સરનામુ મેળવ્યું હતું. આરોપીને ઉત્તર પ્રદેશનાં મુઝફ્ફરનગર ખાતેથી શોધી કાઢી અટકાયત કરી છે.

ઉલ્લેખનીય છે કે, સાયબર ક્રાઈમ પોલીસે લોકોને આવી કોઈ ઓનલાઈન છેતરપિંડીનો ભોગ ન બનાય તે માટે સાવધાન રહેવા અપીલ કરી છે. તેમજ ઓનલાઇન કાર્યરત કોઈ પણ ટુર્સ અને ટ્રાવેલ્સની કંપનીની ખરાઈ કર્યા બાદ ઓફિશિયલ વેબસાઈટ દ્વારા જ બુકિંગ કરવા જણાવ્યું છે. સોશિયલ મીડિયા ઉપર ચલાવવામાં આવતી લોભામણી જાહેરાતોથી બચવાની સાથે-સાથે આવા ઓનલાઈન ફ્રોડનો ભોગ બની જવાય તો તરત સાયબર હેલ્પલાઈન નંબર-૧૯૩૦ પર ફરિયાદ કરવા પણ જણાવ્યું છે.

# છત્તીસગઢમાં નક્સલવાદીઓ સામે મોટી કાર્યવાહી, ત્રણ મહિલા સહિત ૬ને ઠાર માર્યા

ભારત હેડલાઈન, તા.૯

છત્તીસગઢમાં નક્સલવાદી હુમલા નવા નથી, અહીં દરરોજ હુમલા થાય છે. પોલીસના જણાવ્યા અનુસાર, બે દિવસ પહેલા છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૩ મહિલાઓ સહિત ૬ નક્સલવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. તે બધા ખૂંકાર કેડરના હતા, જેમની પર કુલ ૩૮ લાખ રૂપિયાનું ઈનામ હતું.

પીપલ્સ લિબરેશન ગેરિલા આર્મી કંપની નંબર ૫ર સુરક્ષા દળો દ્વારા આ ઓપરેશન અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો છે. પોલીસે કહ્યું કે આનાથી પૂર્વ બસ્તર વિભાગમાં નક્સલવાદીઓમાં ભયનું વાતાવરણ ઊભું થયું છે, જે તેમની સૌથી મજબૂત ગઠન માનવામાં આવે છે.



આ એન્કાઉન્ટર શુક્રવારે ઓરછા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ગોબેલ અને થુલાથુલી ગામો પાસે થયું હતું. જ્યારે પોલીસે અગાઉ કહ્યું હતું કે સાત નક્સલવાદીઓ માર્યા ગયા હતા, બાદમાં તેઓએ ત્રણ મહિલાઓ સહિત મૃતકોની સંખ્યા છ હતી. આ ઘટના અંગે એક પોલીસ અધિકારીએ જણાવ્યું છે કે મૃતક પીપલ્સ લિબરેશન ગેરિલા આર્મીની મિલિટરી કંપની નંબર ૬ અને પ્રતિબંધિત કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયાના પૂર્વ બસ્તર ડિવિઝન ફોર્મેશનના હતા.

પૂર્વ બસ્તર ડિવિઝન ફોર્મેશનમાંથી માઓવાદીઓની હાજરી વિશેના ઈનપુટ્સના આધારે, નારાયણપુર, કોંડાગાંવ, દંતેવાડા અને બસ્તર જિલ્લાની સરહદ પર ૬ જૂનના રોજ મોડી રાત્રે સુરક્ષા કર્મચારીઓની અલગ-અલગ ટીમોને સામેલ કરીને ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. પોલીસ મહાનિરીક્ષક સુંદરરાજ પીએ આ ઘટના અંગે માહિતી આપી છે. પોલીસે જણાવ્યું કે આ વર્ષે અત્યાર સુધીમાં બસ્તર ડિવિઝનમાં ૭૧ એન્કાઉન્ટરમાં ૧૨૩ નક્સલવાદીઓ માર્યા ગયા છે.

## અમેરિકામાં કોસ્ટગાર્ડે ૫૨૬ કરોડનાં કોકેનનો જંગી જથ્થો ઝડપ્યો

- વેનેઝુએલા નજીક ઓપરેશન પાર પડાયું
- અમેરિકામાં એક જ સપ્તાહમાં બીજી વખત કોઈ જહાજમાંથી કેફી દ્રવ્યોનો જથ્થો મોટાપાયે ઝડપાયો




ભારત હેડલાઈન, તા.૯

યુએસ કોસ્ટગાર્ડ અને રોયલ નેધરલેન્ડ નેવીના સંયુક્ત ઓપરેશનમા આંતરરાષ્ટ્રીય બજારમાં ૬.૩ કરોડ ડોલરનું (૫૨૬.૧૭ કરોડ રુપિયા) મૂલ્ય ધરાવતા ૨,૧૭૭ કિલો કોકેઈનને જપ્ત કરવામાં આવ્યું છે. વેનેઝુએલાના પ્યુઅર્ટ કેબેલોથી ૪૦ કિ.મી. ઉત્તરે કેરેબિયન સમુદ્રમાં કોસ્ટગાર્ડ અને રોયલ નેવી બંનેએ સંયુક્ત ઓપરેશન હાથ ધર્યુ હતું, એમ યુએસ કોસ્ટગાર્ડે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું. આ પોસ્ટમાં બંને એજન્સીઓના ઓફિસરોને કન્ટેનરોને ઓફલોડિંગ કરતાં જોઈ શકાય છે.

અમેરિકામાં એક જ સપ્તાહમાં બીજી વખત જોવા મળ્યું છે કે કોઈ જહાજને કોકેઈન લઈ જતું હોવાની સંભાવનાએ આંતરવામાં આવ્યું હોય અને આ રીતે સંયુક્ત ઓપરેશન કરવામાં આવ્યું હોય.

મંગળવારે કોસ્ટગાર્ડના પ્રવક્તાએ જણાવ્યું હતું કે કેરેબિયન સમુદ્રમાં નાર્કોટિક્સની દાણચોરી કરનારાઓને તેમની ટીમે આંતર્યા હતા. આ જહાજે અટકી જવાના આદેશને માનવાનો ઈન્કાર કર્યો હતો અને તેની સ્પીડમાં વધારો કર્યો હતો અને તેની દિશા ડચ બોટ તરફ કરી હતી.

તેના પગલે બોટ પરની ડચ ટુકડી અને યુએસ કોસ્ટ ગાર્ડે આત્મરક્ષા માટે ગોળીબાર કર્યો હતો. તેના પગલે જહાજમાં આગ લાગી હતી અન તે ડૂબી ગયું હતું. આગ લાગી ત્યારે ત્રણ સ્મગલરો બોટ પર હતા.

યુએસ કોસ્ટ ગાર્ડ અને ડચ સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે તેઓએ આ બોટ પર સવાર ત્રણ જણને તપાસવા માટેનું અભિયાન પૂરુ જાહેર કર્યુ છે.

તેમના સગડ હજી સુધી મળ્યાં નથી. આ ઓપરેશનમાં કોસ્ટગાર્ડ કે રોયલ નેવી ઓફ હોલેન્ડના સૈનિકોમાંથી કોઈને ઈજા પહોંચી નથી.

## યુરોપનું વિશાળ ૫૫૦૦ ચોમીમાં ફેલાયેલું શિવ મંદિર તૈયાર, આજે તેનું ઉદ્‌ઘાટન કરાશે

ભારત હેડલાઈન, તા.૯

ભગવાન સામ્બ-સદાશિવનાં શિવમંદિરનું ઈસ્ટોનિયાનાં લિલ્લેઓરૂમાં તા. ૧૦મી જૂન અને જેઠ સુદી ૪ના દિવસે ઉદ્ઘાટન થવાનું છે. આ લિલ્લેઓરૂ ઈસ્ટોનિયાનાં પાટનગર ટાલીનીનથી ૩૦ કી.મી. દૂર આવેલું છે. આ માહિતી આપતાં ટાલિનીન સ્થિત ભારતનાં દૂતાવાસે જણાવ્યું છે કે આ મંદિરનું સ્થાપત્ય સંપૂર્ણતઃ ભારતીય શિલ્પશાસ્ત્ર પ્રમાણે રચવામાં આવ્યું છે. તેના સ્થાપક છે, 'ક્રિયા યોગ કેન્દ્ર'ના આચાર્ય ઈશ્વરાનંદ.

યુરોપમાં અનેક સ્થળોએ શિવ મંદિરો, રામ મંદિરો અને રાધાકૃષ્ણ મંદિરો રચાયા છે, તે પૈકી ૫,૫૦૦ ચોરસમીટરમાં પથરાયેલું આ શિવમંદિર યુરોપનું સૌથી વિશાળ શિવ મંદિર બની રહેશે, તેમ પણ જાણવા મળ્યું છે.

બહુ થોડાને માહિતી હશે કે ભાદ્રપદની સુદ ચતુર્થીના દિવસે ગણેશ ચતુર્થી ઉજવવામાં આવે છે. પરંતુ જેમ ભગવાન તથાગત બુદ્ધના જન્મદિને વિવાદ છે કે એક પક્ષ તેમ કહે છે કે ભગવાન તથાગતનો જન્મ વૈશાખ સુદ પૂર્ણિમાના દિવસે થયો હતો. આ મત તિબેટમાં સ્વીકારાયો છે. તો બીજો મત ભગવાન તથાગત (બુદ્ધ)નો જન્મદિન દશેરાના દિવસે થયો હતો તેમ કહે છે તો કોઈ આશ્વિન શુકલ પૂર્ણિમા પણ માને છે. તેવી



જ રીતે ગણેશ ચતુર્થી અંગે પણ બે મત છે. એક મત ભાદ્રપદ શુકલ ચતુર્થીનો કહે છે તો બીજો મત જેષ્ઠ શુકલ ચતુર્થી ગણેશ ચતુર્થીના દિવસનો કહે છે. આ બીજા મત પ્રમાણે, ૧૦મી જૂને ગણેશ ચતુર્થી આવે છે. આથી આચાર્યશ્રી ઈશ્વરાનંદજીએ તે દિવસ આ શિવમંદિરનું ઉદઘાટન કરવા નિશ્ચિત કર્યો હશે તેમ પણ ઘણાનું માનવું છે.

ઉલ્લેખનીય છે કે સ્લામ તેમજ અન્ય તમામ ઈન્ડો યુરોપિયન ભાષાઓનું મૂળ પુરા પ્રાચીન ઈન્ડો યુરોપીયન ભાષામાં જ છે. રશિયામાં મહિલાઓનાં નામ આકારાન્ત હોય છે. જેમ કે સ્ટાલિનનાં પુત્રીનું નામ વેલેન્ટીના તારાશ્કોલા હતું. ગોર્વાચવના મંત્રી ગોર્બાચોવા કહેવાતા હતા. ભારતીય સંસ્કૃતિના છેડા છેક બાલ્ટિક સમુદ્ર સુધી છે. ઈસ્ટોનિયન કોઈ બોલે તો તે સંસ્કૃત બોલતો હોય તેવું જ લાગે.

# ચોમાસા પૂર્વે જળસંકટ!

## સૌરાષ્ટ્રના ૮૦ પૈકી પર ડેમ ખાલી



- **રાજકોટ જિલ્લાના ૨૭માંથી ૧૭, મોરબીના ૧૦માંથી ૪, જામનગરના ૨૧ પૈકી ૧૧, દ્વારકા જિલ્લાના તમામ ૧૨ ડેમો અને સુરેન્દ્રનગરના ૧૧માંથી ૭ ડેમોમાં તળીયા ઝાટક**

ભારત હેડલાઇન, તા.૯

રાજયમાં ચોમાસાની ઘડીઓ ગણાવા લાગી છે જો કે હજુ રાજકોટ સહિત રાજયભરમાં આકરો તાપ અને ભારે બફારો વર્તાઈ રહ્યો છે તેમજ આજથી અમુક વિસ્તારોમાં છુટોછવાયો પ્રિમોન્સુનનો વરસાદ શરૂ થયો છે ત્યારે રાજકોટ સહિત સૌરાષ્ટ્રના જુદા જુદા જીલ્લાની પાણીની સ્થિતિ જોઈએ તો ચિંતા ઉપજાવે તેવી છે. ઉલ્લેખનીય છે કે રાજકોટ જીલ્લા સહિત સૌરાષ્ટ્રના મોરબી, જામનગર, દ્વારકા, સુરેન્દ્રનગર, પોરબંદર અને અમરેલી જીલ્લાના મોટાભાગના જીલ્લાઓમાં મોટાભાગના ડેમોમાં તળીયા દેખાવા લાગ્યા છે. આ અંગેની રાજકોટ સિંચાઈ વિભાગના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ રાજકોટ સહિત ઉપરોકત જીલ્લાઓના ૮૦ પૈકી ૫૨/- ડેમો ખાલી થવાના આરે આવી ગયા છે. અને અમુક ડેમો તો સાવ તળીયાઝાટક થઈ ગયા છે. સિંચાઈ વિભાગના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ રાજકોટ જીલ્લાના ૨૭ પૈકી ૧૭ ડેમોમાં તળીયા દેખાવા લાગ્યા છે. ઉલ્લેખનીય છે કે માત્ર રાજકોટને પાણી પુરૂ પાડતા આજી-૧ ડેમમાં ૫૪.૭૬ ટકા અને ન્યારી-૧ ડેમમાં ૩૭.૦૬ ટકા પાણી બચ્યું છે. તથા ભાદર-૧ ડેમમાં માત્ર ૯.૦૪ ટકા પાણી બચ્યું છે. બાકી જીલ્લાના ૨૭ પૈકીના ૧૭ ડેમોમાં માત્ર ૧થી ૯ ટકા જેટલો પાણીનો સ્ટોરેજ ઉપલબ્ધ છે. સિંચાઈ વિભાગના સુત્રોના જણાવ્યા અનુસાર મોરબી જીલ્લાના ૧૦માંથી ૪ જળાશયો ખાલી થવાના આરે આવી ગયા છે. જેમાં મચ્છુ-૨માં ૬.૨૫, ડેમી-૧માં ૩.૪૯, ડેમી-૨માં ૨.૨૫, ડેમી-૩માં ૮.૭૫ ટકા પાણી બચ્યું છે.

તેમજ જામનગર જીલ્લાના ૨૧ પૈકી ૧૧ ડેમો ખાલી થવાના આરે પહોંચી ગયા છે. પ્રાપ્ત વિગતો મુજ સસોઈ, ફુલઝર-૧, ફુલઝર-૨, ફોફળ-૨, આજી-૪, રંગમતી, કંકાવટી, ઉંડ-૨, રૂપાવટી, ઉમિયાસાગર, સસોઈ-૨ ડેમમાં ૦.૨૦થી ૭ ટકા સુધીનું પાણી ભર્યુ છે. આ ઉપરાંત દ્વારકા જીલ્લાના તમામ ૧૨ ડેમો ખાલી થઈ ગયા છે. અને જીલ્લાના તમામ ડેમોમાં માત્ર ૦.૪૮ ટકા પાણી બચ્યું છે. ઉલ્લેખનીય છે કે રાજકોટ જીલ્લાના ૨૭ ડેમોમાં પણ માત્ર ૧૭.૩૩ ટકા તથા મોરબી જીલ્લાના ૧૦ ડેમોમાં ૧૫.૬૩ ટકા અને જામનગર જીલ્લાના ૨૧ ડેમોમાં માત્ર ૧૧ ટકા પાણી બચ્યું છે. તેમજ સુરેન્દ્રનગર જીલ્લાના ૧૧માંથી ૭ ડેમો ખાલી થઈ ગયા છે. જેમાં લીંબડી ભોગાવો-૧, ફલકુ, મોરસલ, સબુરી, ત્રીવેણી ઠાંગા, નીંભણી અને ધારી ડેમનો સમાવેશ થાય છે તેમજ પોરબંદરનો સોરઠી અને અમરેલીનો સાકરોલી ડેમ પણ સંપૂર્ણ ખાલી થઈ ગયો છે.

# સ્કૂલવાન એસોસિએશનની ટેકસી પાસિંગ માટે મુદ્દત વધારવા માંગ કરાઈ



ભારત હેડલાઇન, તા.૯

આગામી તા.૧૩મી જૂનથી શૈક્ષણિક સંસ્થાઓમાં આરટીઓનાં નિયમ મુજબ વાન/ઈકોમાં ટેકસી/મેકસી પાસિંગ માટે આરટીઓ તંત્ર લાકડાવાળી ગાડીઓને પાસિંગ કરવાની સ્પષ્ટ ના પાડતા સ્કુલવાન માલિકો મુશ્કેલીમાં મુકાયા છે. આ બાબતે સ્કુલવાન એસો.નાં અજયભાઈ બોરીચા, બહાદુરસિંહ ગોહિલ, જયરાજભાઈ રાઠોડ, વિજયભાઈ બોરીચા સહિતના આગેવાનોએ અખબારો સમક્ષ વ્યથા ઠાલવી હતી. સ્કુલ વાન એસો.ના હોદેદારોનાં જણાવ્યા પ્રમાણે હાલમાં રાજકોટ શહેરમાં ૪૦૦૦ સ્કુલવાન, ઈકો ચાલે છે. ૧૩/૬/૨૪થી નવું સત્ર ચાલુ થાય છે. શાળાઓ ખુલે છે. કોરોના જેવા કપરા કાર્યકાળમાં પણ અમે સરકાર સાથે જ રહેતા હતા. અમે અમારી વાન/ઈકોમાં બાળકને બેસાડીએ છીએ ત્યારથી જ અમે તે બાળકના વાલી તરીકે ફરજ બજાવીએ છીએ, કે બાળક ને કોઈપણ જાતની મુશ્કેલી ન પડે અને વ્યવસ્થિત તેને પરત ઘરે પહોંચાડીએ છીએ.આજે જયારે ટેક્ષી/મેકસી નો વિમો મોડલ પ્રમાણે, સીટીંગ પ્રમાણે ૨૦ થી ૨૫ હજાર આવે છે. તે પણ અમે ભરવા તૈયાર જ છીએ, વિમો સીટીંગ પ્રમાણે હોય છે, એટલે કે ૭+૧ હોય તો આઠ વ્યક્તિનો વિમો મળે, જયારે સરકાર ૧૨ બાળકો બેસાડવાની મંજુરી આપે છે. તો ઉપરના ૪ બાળકોની જવાબદારી કોની? શુ વિમા કંપનીઓ વાળા ૧૨ ને અડધા ગણીને ૧૪ બાળકોનો વિમો મંજુર કરશે?આજે વિમાના મોડલ પ્રમાણે ૨૨ થી ૨૫ હજાર વાર્ષિક થાય છે, તે ઉપરાંત ટેક્ષી/મેકસીના ૮ થી ૧૦ હજાર થાય છે, એટલે સરેરાશ કુલ ૩૦ થી ૩૫ હજાર રૂપિયા આસપાસ થાય છે, એટલે નવા સત્રથી માસીક ૧૨૦૦ થી ૧૫૦૦ રૂપિયાનો વધારો આવશે. આ ગુજરાતમાં રાજકોટ સીવાય અન્ય જીલ્લામાં સ્પીડોમીટર, બાકડાં સહિત ટેક્ષી/મેક્ષી થાય છે તો રાજકોટમાં કેમ નહી? શું રાજકોટ ગુજરાતનો ભાગ નથી?વાન અને રિક્ષા સુઓમોટો રીટપીટીશન (એસસીએ) નં.૧૩૩૦૮/૨૦૦૪ હાઈકોર્ટ આપેલ ચુકાદો તા.૨૪-૪-૨૦૦૬ના પરિપત્રમાં (એચ) ઓટોરિક્ષા/વાનમાં ઉતારૂ કર્મ્પોટમાં વધારાની બેઠક વ્યવસ્થા કરવાની રહેશે તેમ સ્પષ્ટ લેખીતમાં જણાવેલ છે. ત્યારપછી ફરીને વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી બ્લોક નં.૬/૨ ક્રમાંક સીઓટી/અ.-રોડ સેફટી/૨૦૧૯/૩૭૫૬ તારીખ ૧૨-૬-૨૦૧૯ના પરિપત્રમાં પણ એ જ વાત દહોરાવવામાં આવી છે કે (આઈ) ઓટોરીક્ષામાં તથા વાનમાં કમ્પાર્ટમેન્ટ વધારાની બેઠક વ્યવસ્થા કરવાની રહેશે.સરકારના પરિપત્ર મુજબ અને હાઈકોર્ટના ચુકાદા મુજબ જ કરીએ છીએ તો શા માટે, કયાં કારણોસર રાજકોટ શહેરમાં કે ગુજરાત રાજયમાં પાસીંગ કરી આપવામાં આવતું નથી? આજે ગુજરાત રાજયમાં નહી પણ આખા ભારતમાં સ્કુલવાન/ઈકોમાં બાકડામાં જ એટલે ઉતારુ કમ્પાર્ટમેન્ટમાં જ ગાડીઓ ચાલે છે.આજની તારીખે રાજકોટમાં આરટીઓ ઓફીસમાં સ્ટાફ પુરતો નથી. જયારે અમારી ૪૦૦૦ ટેકસી/મેકસી કરવી છે, તો ઓછામાં ઓછો ૧ માસનો સમયગાળો લાગે તો આ બાબતે આરટીઓ તંત્ર ટેકસી/મેકસી માટે ખાસ કેમ્પ યોજી નિવાડો લાવે તેવી માંગ છે. અન્યથા જયાં સુધી ટેકસી/મેકસી ન થાય ત્યાં સુધી સ્વૈચ્છીક રજા રાખવાની ફરજ પડશે તેમ સ્કુલવાન એસો.એ જણાવ્યુ હતુ.

# જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા કરાતું જરૂરીયાતમંદોને છાશ વિતરણ

ભારત હેડલાઇન, તા.૯



સમાજના જરૂરિયાત વાળા લોકોને જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક છાસ વિતરણ મારુતિ ઓટો સર્વિસ સામે, વાણીયાવાડી મેઈન રોડ, રાજકોટ ખાતે સવારે ૭:૩૦ વાગ્યાથી દરરોજ વરસાદ આવે ત્યાં સુધી શરૂ કરેલ છે. આ સેવાનો લાભ લેવા અનુરોધ કરાયેલ છે. પરિવાર દીઠ બે લીટર છાશ તેમના વાસણમાં ભરી આપવામાં આવે છે. આ સેવામાં ચેરમેન ઉમેશ મહેતા ની સાથે પુજાબેન વસાણી, કવિતાબેન વિગેરે જોડાયા હતાં.

# સિવિલ હોસ્પિટલમાં લેડી ડોકટર અને મહિલા પ્યુન વચ્ચે ઝપાઝપીઃ ફડાકો મારી દેતા વિવાદ

- ઈમરજન્સી વિભાગમાં બનેલો બનાવ, કોન્ટ્રાકટ બેઈઝ પર નોકરી કરતા મહિલા પ્યુન રૂકશાનાબેન રાઠોડને ડોકટર સાથે ઝપાઝપી થયા બાદ ફડાકો માર્યો હોવાના આક્ષેપ સાથે સારવાર માટે દાખલ થયા
- બનાવના પગલે કોન્ટ્રાકટ બેઈઝ કર્મીઓ નોકરી પડતી મૂકી એકત્ર થયા, ડોક્ટરને સસ્પેન્ડ ન કરે ત્યાં સુધી હડતાલ ચાલુ રાખવા ચીમકી



ભારત હેડલાઈન, તા.૯

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લેડી ડોકટરે મહિલા પ્યુનને ફડાકો મારી દેતા વિવાદ સર્જાયો છે. જેને પગલે કર્મચારીઓએ હડતાલનું એલાન કરી દીધું છે. ઈમરજન્સી વિભાગમાં આ બનાવ બનેલો છે. કોન્ટ્રાકટ બેઈઝ પર નોકરી કરતા મહિલા પ્યુન રૂકશાનાબેન રાઠોડને ડોકટર સાથે ઝપાઝપી થયા બાદ ફડાકો માર્યો હોવાના આક્ષેપ સાથે સારવાર માટે દાખલ થયા હતા. બનાવના પગલે કોન્ટ્રાકટ બેઈઝ કર્મીઓ નોકરી પડતી મૂકી એકત્ર થયા હતા અને ડોક્ટરને સસ્પેન્ડ ન કરે ત્યાં સુધી હડતાલ ચાલુ રાખવા ચીમકી આપી હતી. મહિલા પ્યુનના સગામાં થતા દર્દીને મોઢામાંથી ફીણ નીકળી ગયા હોવા છતાં દાખલ ન કરતા યોગ્ય સારવાર ન આપી હોવાનો આક્ષેપ થતા ઘટના બની હતી. આ અંગે સારવારમાં રહેલ રૂકશાનાબેન દિલાવરભાઈ રાઠોડએ જણાવ્યું કે, તેઓ ૧૫ વર્ષથી અહીં સિવિલ હોસ્પિટલમાં કોન્ટ્રાકટ બેઈઝ પર વર્ગ ૪ના કર્મચારી તરીકે કામ કરે છે. તેમના પરિચિત જોશનાબેન પ્રવિણભાઈ ધામેચા (ઉં.વ.૪૫, રહે. પોપટપરા શેરી નં.૭/૧૦નો ખૂણો) આજે સવારે પોતાના ઘરે હતા ત્યારે જોશનાબેનને અચાનક જ મોઢામાંથી ફીણ નીકળવા લાગતા તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી રૂમમાં ખસેડવામાં આવેલ. અહીં રૂકશાનાબેન ફરજ પર જ હતા. જેથી તેઓ જોશનાબેનને તત્કાલ સારવાર મળે તે માટે પ્રયત્ન કરતા હતા. આક્ષેપ મુજબ, ઈમરજન્સી વિભાગમાં ત્યારે ડો. મેરી મેડમ ફરજ પર હતા. તેણે જોશનાબેનને તપાસી દવા લખી આપી હતી પણ દાખલ કર્યા નહોતા. જેથી રૂકશાનાબેને દલીલ કરી હતી કે, તબિયત સારી નથી જણાતી તો દાખલ કરી આપો. ફરી તબિયત બગડશે તો પાછી આ લોકોને દોડાદોડી થઈ જશે. જો કે ડો.મેરીએ રૂકશાનાબેનની વાતને ધ્યાને લીધી નહોતી. આક્ષેપ મુજબ આજીજી કરવા છતાં દાખલ ન કરતા રૂકશાનાબેને જોશનાબેનની સ્થિતિ કેટલી ખરાબ છે તે પુરાવો રહે તે માટે વીડિયો ઉતાર્યો હતો. જેથી ડોકટરે બોલાચાલી કરી હતી કે, રૂકશાનાબેન ફરજ પર હોય તો આ રીતે વીડિયો ફોટો કેમ લઈ શકે? એ અંગે બોલાચાલી ઉગ્ર બનતા ઝપાઝપી થઈ ગઈ હતી પણ રૂકશાનાબેને દર્દીનો ખ્યાલ કરતા ડોકટર સાથે માથાકૂટ કરવાના બદલે જોશનાબેનને બીજી હોસ્પિટલમાં લઈ જવા તેમના સગાને કહ્યું હતું. જોશનાબેનને લઈ જવામાં આવી રહ્યા હતા ત્યારે ફરી ડોકટર અને રૂકશાનાબેન ઝઘડી પડતા ડોકટરે ફડાકો મારી લીધો હતો. આ વાત સિવિલ હોસ્પિટલમાં ફેલાઈ જતા કર્મચારીઓ ઈમરજન્સી વિભાગમાં એકત્ર થઈ ગયા હતા. રૂકશાનાબેન ડોકટરે માર માર્યો હોવાના આક્ષેપ સાથે હોસ્પિટલમાં દાખલ થઈ ગયા હતા. એકત્ર થયેલ કોન્ટ્રાકટ બેઈઝ કર્મચારીઓએ જણાવ્યું હતું કે, જ્યારે પણ ડોકટર કે નર્સના સગા આવે ત્યારે વર્ગ ૪ના કર્મચારીઓ પોતાના સગા હોય તેમ દર્દીની સેવા કરે છે. ડોકટરના કહેવાથી દર્દીના યુરિનની સાફ સફાઈ પણ કરે છે. ડોકટર કે નર્સના નાના બાળકો સાથે આવ્યા હોય તો તેના ડાયપર પણ બદલે છે. આટલું પ્રમાણિકતાથી કામ કરવા છતાં ડોક્ટરો ગમે ત્યારે વર્ગ ૪ ના કોન્ટ્રાકટ બેઈઝ કર્મચારીઓને જેમ ફાવે તેમ બોલે છે. અત્યાર સુધી કોઈ કર્મચારી કંઈ બોલતું નહોતું પણ હવે કર્મચારીઓ અને અમારી કંપનીએ પણ અમારી સાથે છે. મહિલા પ્યુનને ફડાકો મારનાર ડોકટરને સસ્પેન્ડ કરવામાં આવે અથવા આ ડોકટર જાહેરમાં અમારી માફી માંગે પછી જ કર્મચારીઓ કામે ચડશે. ત્યાં સુધી હોસ્પિટલમાં વર્ગ ૪ ના કર્મીઓ હડતાલ પાડશે.

# વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી મહોદય દ્વારા આજીવન હરિનામ સંકીર્તન અનુષ્ઠાનના ૧૧૫ દિવસ પૂર્ણ

- સાંસદ ડો. હેમાંગભાઈ જોષીએ આશીર્વાદ મેળવ્યા



ભારત હેડલાઈન, તા.૯

વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહોદય દ્વારા આજીવન હરિનામ સંકીર્તન અનુષ્ઠાનના ૧૧૫ દિવસ પૂરા થયા તે દરમિયાન વડોદરાના સાંસદ ડો. હેમાંગભાઈ જોષીના ઐતિહાસિક વિજય નિમિત્તે વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ખાતે પૂજ્યશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. હરિનામ સંકીર્તનમાં ભગવાન શ્રીકૃષ્ણના જુદા જુદા મંત્રો સંગીતમય શૈલીમાં પૂજ્ય વ્રજરાજકુમારજી મહોદયના સ્વમુખેથી રજૂ કરવામાં આવે છે. જેને દેશ-વિદેશમાં હજારો લોકો નિહાળી ભગવાન શ્રી કૃષ્ણની ભક્તિ કરે છે. જેના પગલે ઘણા લોકોના જીવનમાં પરિવર્તન આવ્યા છે. હરિનામ સંકીર્તનના અનુષ્ઠાનથી અનેક લોકોના જીવનમાં તણાવ, ડિપ્રેશન અને નકારાત્મક વિચારોથી મુક્તિ મળી છે. આ દરમિયાન વડોદરાના યુવા વયના સંસદ ડો.હેમાંગભાઈ જોષી વહ્નવ યુથ ઓર્ગેનાઈઝેશન (VYO) વડોદરાના પ્રમુખ તરીકે જવાબદારી સંભાળી રહ્યા હોય ત્યારે આજનો આ મંગલમય દિવસ વધુ મહત્વનો બની જાય છે. પૂજ્ય વ્રજરાજકુમારજી મહોદયની મંગલ પ્રેરણા અને માર્ગદર્શનથી VYO માટે વિશિષ્ટ યોગદાન આપી રહેલા ડો.હેમાંગભાઈ જોષી વડોદરાના લાખો નાગરિકોના પ્રતિનિધિ તરીકે સંસદમાં આ જ રીતે અતિ વિશિષ્ટ કામગીરી કરે તેવા શુભાષિસ સાથે આજે નિયમિત રીતે ચાલતા હરિનામ સંકીર્તનમાં પૂજ્યએ સ્નેહસભર આશીર્વાદ પ્રદાન કર્યા હતા.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડીર–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

### ચૂંટણી આચાર સંહિતા પૂર્ણ થતા જ વીજતંત્રમાં 'શોર્ટ સર્કીટ'

# PGVCLમાં સાગમટે બદલી પાછળ કારણ શું? યુનિયન મેદાને




## સરકારે નિયમો હળવા કરી નાખ્યા છે! -તો અગ્નિકાંડમાં વીજતંત્રનાં 'તપેલા' પણ ચડી જાત

એચટી કનેકશનની રજીઓ ક્લીયર ન થવાના કથિત કારણથી એક સાથે પાંચ અધિકારીઓની બદલીથી પીજીવીસીએલમાં સોંપો પડી જ ગયો છે ત્યારે યુનિયનના હોદેદારે નામ નહીં દેવાની શરતે એમ કહ્યું કે ઉદ્યોગકારો પાસે સારા થવા સરકાર વીજજોડાણના નિયમો હળવા કર્યા જાય છે. અત્યારની સ્થિતિએ ઇઝ ઓફ ડુંઇગના ભાગરૂપે સરકારે માત્ર મિલ્કત દસ્તાવેજ તથા આધારકાર્ડ પર જ વીજજોડાણ આપવા નિયમ કર્યો છે. ઇલેક્ટ્રીસીટ એક્ટના નિયમો આકરા છે. તંત્ર દ્વારા હળવા નિયમો જ અપનાવ્યા હોત તો રાજકોટના ટીઆરપી ગેમઝોનના અગ્નિકાંડમાં વીજતંત્રના અધિકારીઓના તપેલા પણ ચડી ગયા હોત. ગેમઝોનમાં વિજજોડાણ આપવામાં તમામ નિયમોનું પાલન કરાવાયું હતું અને એટલે જ વિજ અધિકારીઓ બચી ગયા હતા.

- મેનેજમેન્ટને રજૂઆત કરીને કારણ માંગશે, અન્યથા આકરા પગલાં વિચારશે
- એસટીની ફાઈલો કલીયર ન થવા પાછળ પાંચ–પાંચ અધિકારી દોષિત હોય? 'ઉપર'થી આદેશ કોનો? આંતરિક રાજકારણની શંકા સાથે અનેકવિધ ચર્ચા

ભારત હેડલાઇન, તા.૯

પશ્ચિમ ગુજરાત વિજ કંપની (પીજીવીસીએલ)માં ટેક. વિભાગના પાંચ અધિકારીઓને એક સાથે સાગમટે બદલી કરાતા વિજતંત્રમાં ખળભળાટ સર્જાયો છે. આ કદમ સામે જીઈબી એન્જીનીયર્સ એસોસીએશન (જીબીયા) મેદાને પડયુ છે. સોમવારે મેનેજમેન્ટ લેવલે રજુઆત કરાશે અને પછી મામલો સરકારમાં લઈ જવાનો નિર્ણય લેવાયો હતો.વિજતંત્રમાં એક જ વિભાગના અધિકારીઓની સાગમટે બદલી પાછળ કોઈ ચોકકસ કારણ છે કે આંતરિક રાજકારણ? તે મુદો પણ ચર્ચાસ્પદ બન્યો છે. લોકસભાની ચૂંટણી આચાર સંહિતા ખત્મ થવાની સાથે જ પીજીવીસીએલ બદલીના નિર્ણયથી વિવાદમાં આવ્યુ છે. ટેક વિભાગના ચીફ ઈજનેરથી માંડીને ડેપ્યુટી ઈજનેર સુધીના પાંચ અધિકારીની સામુહિક બદલીથી અનેકવિધ ચર્ચા છે.સરકારમાંથી સુચનાને પગલે આ નિર્ણય લેવાયો હોવાનું કહેવાય છે એવી ચર્ચા છે કે એસટી કનેકશનની ફાઈલો દબાવી રખાતા આ પગલુ લેવાયુ છે.

જો કે, એક વર્ગે એવી શંકા દર્શાવી છે કે અધિકારી કક્ષાના આંતરિક રાજકારણનો ભાગ હોઈ શકે છે.એક જ વિભાગના એક સાથે પાંચ અધિકારીઓની બદલી પાછળના કારણ વિશે સતાવાર રીતે કોઈ કાંઈ બોલવા તૈયાર નથી પરંતુ ચર્ચા એવી છે કે એસટી કનેકશનની સેંકડો અરજીઓનો લાંબા વખતથી કોઈ નિકાલ ન થતા આ આકરૂ કદમ ઉઠાવવામાં આવ્યું છે. જીબીયાના એક આગેવાને નામ નહીં દેવાની શરતે એમ કહ્યું કે વાસ્તવિક કારણ જુદુ હોઈ શકે છે.

કારણ કે અરજીઓ મંજુર ન થવા બદલ એક સાથે પાંચ અધિકારીઓ દોષિત ન કરી શકે. આંતરિક રાજકારણમાં 'ઉપર'થી આદેશ આપ્યો હોવાની શંકા નકારાતી નથી.

પાંચ અધિકારીઓની બદલીથી જીબીયામાં પણ સોપો પડી ગયો હતો. જીઈબી એન્જીનીયર્સ એસોસીએશને તાબડતોડ બેઠક યોજી હતી. વીડીયો કોન્ફરન્સથી યોજાયેલી મીટીંગમાં સમગ્ર મામલે સોમવારે પીજીવીસીએલના મેનેજીંગ ડાયરેકટરને રજુઆત કરવાનુ નકકી કરાયુ હતું.

બદલી પાછળનુ કારણ પુછાશે અને તે રોકવા માંગ કરાશે. મેનેજમેન્ટ યોગ્ય નિર્ણય ન લ્યે તો મામલો સહકારમાં લઈ જઈને અન્ય પગલા વિચારાશે.અત્રે ઉલ્લેખનીય છે કે, વિજતંત્ર દ્વારા ગઈકાલે પાંચ અધિકારીઓની કોર્પોરેટ ઓફિસમાંથી જીલ્લા બહાર બદલી કરવામાં આવી હતી. તમામ અધિકારી ટેક વિભાગના છે તેમાં ચીફ ઈજનેર લખાણીને ભાવનગર મુકાયા છે. એડીશ્નલ ચીફ ઈજનેર પી.કે.મહેતાની જામનગર, સુપ્રિ. એન્જીનીયર કિરણબેન પટેલની પોરબંદર, એકઝીકયુટીવ એન્જીનીયર વાઘમશીની જામનગર તથા ડેપ્યુટી ઈજનેર ધરતીબેન અંતાણીની જામકલ્યાણપુર બદલી કરવામાં આવી છે.

# રાજકોટ તાલુકા પેન્શનર સમાજની વાર્ષિક સાધારણ સભા સંપન્ન

- સીત્તેર વર્ષની વય પૂર્ણ કરેલ પેન્શનરોનું વડીલ વંદના કાર્યક્રમ દ્વારા કરાયું સન્માન

ભારત હેડલાઇન, તા.૯




રાજકોટ તાલુકા પેન્શનર સમાજની તા.૨૬ને રવિવારે સવારે ૯-૩૦ કલાકે જિલ્લા સેવા સદન-૨ બહુમાળી ભવન રેસકોર્ષ ખાતે સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પેન્શનર સમાજની વાર્ષિક સાધારણ સભામાં અતિથી વિશેષ તરીકે તિજોરી અધિકારી પેન્શન ચુકવણા કચેરી પી.એમ. જાડેજા તેમજ અધિક તિજોરી અધિકારી સી.એમ. વાછાણી અને ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી સખાવતી મહામંડળ વડોદરાના પ્રમુખ નિર્મળસિંહ રાણા તેમજ રાજ્ય કક્ષાના અન્ય હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે નિવૃત્ત જિલ્લા શિક્ષણાધિકારી વી.બી. ભેંસદડીયા, જી.ડી. કાનાણી દ્વારા ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું તેમજ રાજકોટ જિલ્લા પેન્શનરના પ્રમુખ એમ.એ. પાંજા અને મંત્રી મહેતાભાઇ અને રાજકોટ જિલ્લાના દરેક તાલુકા પેન્શનરોએ હાજરી આપી હતી. પેન્શનર સમાજના નવનિયુક્ત પ્રમુખ નરેન્દ્રભાઇ વિઠલાણી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સમાજના નોંધાયેલા સભ્યોમાંથી જે સભ્યની વય ૭૦ વર્ષ પૂર્ણ કરેલ છે તેવા ૧૪ પેન્શનર મિત્રોનું 'વડીલ વય વંદના' કાર્યક્રમ હેઠળ સાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું હતું.

# વિનોબા ભાવે પે સેન્ટર શાળા નં.૯૩ના છાત્રાઓ દ્વારા કરાતી વૃક્ષારોપણની અવિરત પ્રવૃતિ



ભારત હેડલાઈન, તા.૯

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ સંચાલિત પીએમ વિનોબા ભાવે પે સેન્ટર શાળા નં. ૯૩ નાના મૌવા મોકાજી સર્કલ પર આવેલી પ્રાથમિક શાળામાં ગત તા.૫ જૂનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના આચાર્ય વનિતાબેન રાઠોડ, શિક્ષક સોનલબા પરમાર અને મીનાબેન કાલરીયા તથા વિદ્યાર્થી અને વાલી દ્વારા શાળામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. શાળાના બાળકો દ્વારા હાલમાં શાળામાં વેકેશન હોવા છતાં ઘરે રહીને વિદ્યાર્થીઓ દ્વારા પોતાના ઘરે એક વૃક્ષ વાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા પાણી, વીજળી બચત, સોલાર ઉપયોગ, પ્લાસ્ટિક અને અન્ય કચરાના યોગ્ય નિકાલ, સ્વચ્છ હવા અને જમીનની યોગ્ય માવજત પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. શાળાના આચાર્ય વનિતાબેન રાઠોડ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# યુનાઈટેડ કેર હોસ્પિટલ દ્વારા મહિલાઓને સર્વાઈકલ કેન્સર વેક્સિન અપાઈ




ભારત હેડલાઈન, તા.૯

રાજકોટ તથા સૌરાષ્ટ્રની જનતાના સ્વાસ્થ્ય માટે અવિરત કાર્યરત એવી કર્મયોગ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત યુનાઈટેડ કેર હોસ્પિટલ દ્વારા ચાલતા સર્વાઈકલ કેન્સર વેક્સીન અભિયાન અંતર્ગત ૧૭૨ બહેનોને વેક્સીન આપી સર્વાઈકલ કેન્સર સામે સુરક્ષા કવચ આપવામાં આવ્યું હતું. શ્રી લક્ષ્મીનારાયણ દેવ મહિલા મંડળ તથા સુહાસીની ટ્રસ્ટના સહયોગ સાથે કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

# સમસ્ત મહાજન દ્વારા ગીરગંગા પરિવાર ટ્રસ્ટને હીટાચી મશીન અર્પણ કરાશે

- ટ્રસ્ટ દ્વારા રાજ્યમાં ૧૧૧૧૧ ચેકડેમોમાં લોક ભાગીદારીથી તૈયાર કરવાનાં દ્રઢ સંકલ્પ સાથે બોર રિચાર્જ કરવાના અભિયાનનો પ્રારંભ



ભારત હેડલાઈન, તા.૯

વૈશ્વિક સ્તરે જળ, જંગલ, જમીન,જનાવર અને જન જનની સુખાકારી માટે કાર્ય કરતી સંસ્થા સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી અને એનીમલ વેલફેર બોર્ડના ઓફ ઈન્ડિયાના સભ્ય ડો. ગિરીશ શાહના સંકલન થકી ગીરગંગા પરિવાર ટ્રસ્ટને બ્રેકર સાથે ૮૦ લાખનું હિટાચી મશીન તા.૧૦, જુન, સોમવારે સાંજે ૦૬ કલાકે, સીઝન્સ હોટલ, અવધ રોડ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે અર્પણ કરાશે. ઉપરોક્ત કાર્યક્રમમાં પ.પૂ. પરમાત્માનંદજી સરસ્વતીજી (આંતરરાષ્ટ્રીય કન્વીનર કુમાર હિન્દુ ધર્માચાર્ય મહાસભા) આર્શીવચન પાઠવશે તથા પરશોતમભાઈ રૂપાલા (સાંસદ), રામભાઈ મોકરીયા (સાંસદ), રમેશભાઈ ટીલાળા (ધારાસભ્ય), પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો. વલ્લભભાઈ કથીરિયા ખાસ ઉપસ્થિત રહી પોતાનું માર્ગદર્શન આપશે. અત્રે ઉલ્લેખનિય છે કે, ગીરગંગા પરીવાર ટ્રસ્ટ દ્વારા વર્ષો જુના ચેકડેમો જર્જરીત હાલતમાં, તુટેલા છે તે રીપેર,ઉંડા, ઉંચા કરી તેનો જીર્ણોધ્ધાર કરવામાં આવે છે અને જરૂરીયાત પ્રમાણે નવા પણ બનાવવામાં આવે છે. અત્યાર સુધીમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૮૦ થી વધુ ચેકડેમોનું કામ સંપૂર્ણપણે પૂર્ણ કરેલ છે જેમાંથી અમુક ડેમો રીપેર કરવા, ઉંચા કરવા અને ઉંડા કરવામાં આવે છે. આગામી સમયમાં ગીરગંગા પરીવાર ટ્રસ્ટનો સૌરાષ્ટ્રનાં ૧૧,૧૧૧ ચેક ડેમો સંપૂર્ણ લોકભાગીદારીથી તૈયાર કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. હાલના સમયમાં બેંગ્લોર જેવી પરિસ્થિતિ ઉભી ન થાય અને લોકો વરસાદી શુધ્ધ પાણીનું મહત્વ સમજી અને પોતાના જન્મદિવસે, લગ્નદિવસે કે પરીવારના કોઈ સભ્યની પુણ્યતિથી તેમજ પોતાના ઘરે આવતા દરેક પ્રસંગો કાયમી યાદગાર બનાવવામાં માટે પોતાના વતનમાં વરસાદી પાણીના સંગ્રહ માટે ચેકડેમ બનાવીને સૃષ્ટિ પરના સર્વે જીવોની રક્ષા કરી શકે છે. ગીરગંગા પરીવાર ટ્રસ્ટના સહયોગી પ્રતાપભાઈ પટેલ, ભીખુભાઈ વીરાણી, જમનભાઈ પટેલ, વિરાભાઈ હુંબલ, હરીશભાઈ લાખાણી, અમુભાઈ ભારદીયા, ભરતભાઈ પરસાણા, જયંતીભાઈ સરધારા, ભરતભાઈ ગાજીપરા, બીપીનભાઈ હદવાણી, શંભુભાઈ પરસાણા, કાર્તિકભાઈ પરસાણા, સતીષભાઈ બેરા, કિશોરભાઈ કાચરોટીયા, દિલીપભાઈ લાડાણી, ઉમેશભાઈ માલાણી, પ્રકાશભાઈ કનેરીયા, ચંદ્રકાંતભાઈ ડઢાણીયા, અરવિંદભાઈ, ભરતભાઈ શાહ (મુંબઈ), દુર્ગેશભાઈ શાહ (મુંબઈ) રમેશભાઈ ઠક્કર, ભરતભાઈ ટીલવા, ગોપાલભાઈ બાલધા, વસંતભાઈ લીંબાસીયા, ભરતભાઈ ભુવા, હરીભાઈ ચૌહાણ, અરવીંદભાઈ પાણ, રાજુભાઈ મહેતા તેમજ નાનામોટા પ્રકૃતિ પ્રેમી દાતાઓનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે. જીવદયા પ્રેમી વિજયભાઈ ડોબરીયા, મિતલ ખેતાણી, ધિરેન્દ્ર કાનાબાર સહિતનાઓની ટીમ પણ સતત સહયોગ આપી રહી છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટનાં પ્રમુખ દિલીપભાઈ સખીયા તથા પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ, રમેશભાઈ જેતાણી, મનીષભાઈ માયાણી, ભુતપભાઈ કાકડીયા, વિઠ્ઠલભાઈ બાલધા, અશોકભાઈ મોલીયા, લક્ષ્મણભાઈ શીંગાળા, ભરતભાઈ પીપળીયા, માધુભાઈ પાંભર, મહેન્દ્રભાઈ કાલરીયા, રતીભાઈ ઠુંમર વિગેરેની ટીમ સુંદર સંચાલન કરી રહી છે.

# સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલયના સંજય અમરેલીયાએ ધો.૧૨ સાયન્સમાં ૭૦૦ માર્ક મેળવીને સિદ્ધિ હાંસલ કરી



ભારત હેડલાઈન, તા.૯

સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલયમાં ધો.૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા રૂપાવટી ગામ, પડધરી તાલુકાના અમરેલીયા સંજય પ્રવીણભાઈ સાયન્સની પરીક્ષામાં ૭૦૦ માર્ક મેળવીને જવલંત સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ગત તા.૪ જૂનના દિવસે દેશની સૌથી મોટી મેડિકલ પ્રવેશ પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું, જેમાં ખેડુતપુત્ર અમરેલીયા સંજય ૭૨૦ માંથી.૭૦૦ માર્કસ મેળવીને જવલંત સફળતા મેળવેલીને માતા પિતાનું ગૌરવ અને સન્માન વધાર્યું છે ત્યારે ગુરૂકુળ પરિવારના સંતો, સંચાલકો, આચાર્ય અને શિક્ષકમિત્રો હર્ષની લાગણી અનુભવે છે. આ તકે સંજયે જણાવ્યું હતું કે, હું દરરોજ ૧૪ થી ૧૫ કલાક પરીક્ષાની તૈયારી કરતો હતો અને સંતો અને શિક્ષકોના માર્ગદર્શન અનુસાર સોલ્વ કરવાની પ્રેક્ટિસ કરતો હતો જેના કારણે હું સર્વોત્તમ પરિણામ પ્રાપ્ત કરી શક્યો છું. સંજયની સર્વોચ્ચ સિદ્ધિ બદલ ગુરૂકુળના મહંત સ્વામી દેવકૃષ્ણદાસજી સ્વામી તથા શાળા સંચાલક નીર્ગુણજીવનદાસજી સ્વામી અને આચાર્યએ અભિનંદન સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.